ગાંધીના ગઢમાં નરેન્દ્ર મોદીનો લલકાર

માત્ર ૬૦ મહિનામાં અમેઠીના ચહેરાને બદલી નંખાશે : મોદી : સ્મૃતિ ઇરાનીની તરફેણમાં પ્રચાર દરમિયાન નરેન્દ્ર મોદીના કોંગી પર તેજાબી પ્રહાર : જેલમાંથી બહાર કઢાયેલા લોકો પણ કોંગીને હવે બચાવી શકશે નહીં

અમેઠી,તા. ૫

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાહુલ ગાંધીના ગઢ અમેઠીમાં આક્રમક ચૂંટણી પ્રચાર કરીને લોકોને રોમાંચિત કરી દીધા હતા. મોદી દાવો કર્યો હતો કે, યુપીમાં સૌથી ખરાબ સ્થિતિ કોઇની છે તો તે અમેઠીની છે. આવનાર ૬૦ મહિનામાં અમેઠીને ચમકાવી દેવામાં આવશે અને દુનિયા લોકો અહીં અભ્યાસ કરવા માટે આવશે. મોદીએ તેમના આક્રમક સંબોધનમાં યુપીએ સરકાર અને માતા-પુત્રની સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલના ગઢમાં મોદીના ગાંધી પરિવાર ઉપર જોરદાર પ્રહાર કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી સોનિયા ગાંધીનું સંપૂર્ણ ધ્યાન પોતાના પુત્ર રાહુલ ગાંધીને સેટલ કરવામાં લાગેલું છે. ગાંધી પરિવાર ઉપર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, આ પરિવારે ૪૦ વર્ષથી અમેઠીના લોકોના સ્વપ્ન ચકનાચુર કરી દીધા છે. વર્તમાન સાંસદ રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, અમેઠીમાં દરેક જગ્યાએ જઇને તેઓ ગુજરાત મોડલની ટિકા કરે છે પરંતુ અમેઠીની વાત કરતા નથી. તેમણે એમ પણ કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આખો દિવસ વીતી જાય અને તમને કોઇ સમસ્યા ન નડે તો સમજજો કે તમે ખોટી દિશામાં જ રહ્યા છો

- મુનિ વાત્સલ્યચંદ્ર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૫ | ૬ મે, ૨૦૧૪, મંગળવાર; વૈશાખ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

વિશ્વમાં દર સાતમી સેકન્ડે ડાયાબિટીસથી એકનું મોત

વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે સારા નથી. ભારતમાં ૬૧ મિલિયન ડીયીબીટીસના દર્દીઓ છે. આ વર્ષે ડાયાબિટીસથી ગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૬૬ મિલીયનની આસપાસ રહે છે. જેમાંથી ૪.૬ મિલીયન લોકોના મોત થયા છે. એટલે કે દર સાતમી સેકન્ડે ડાયાબિટીસથી એકનું મોત થઈ રહ્યું છે.

કાર્યક્રમો આપવામાં 'આપ' સૌથી આગળ

બનારસ જિલ્લા પ્રશાસન દ્વારા ચુંટણી પ્રચાર માટે ૪૯૮ અરજીઓ મંજુર કરવામાં આવી છે. આ પૈકી ૨૦૧ તો આપ દ્વારા અપાયા છે. ભાજપે અત્યાર સુધીમાં ૧૩૯ કાર્યક્રમોની મંજુરી મેળવી છે. જાહેરસભા, રોડ શો, શેરી નાટકો અને ડોર ટુ ડોર પ્રચાર જેવા કાર્યક્રમોમાં આપ આગળ રહી છે.

ગુગલની ડ્રાઈવર વિનાની કાર

સર્ચ એન્જિનમાં નંબર વન બનેલી ગુગલ કંપની હવે ડ્રાઈવર વગરની કાર બનાવી રહી છે. લેસર, કેમેરા તથા રડાર લગાવેલી ડ્રાઈવરલેસ ગાડીઓ હાલમાં પરીક્ષણના તબક્કામાં છે. મોટા હાઈવે પર તેને ખાસ તકલીફ પડતી નથી પરંતુ નાની ગલીઓમાં તેની અસરકારતા ઓછી છે. પરીક્ષણ હેઠળની કાર ૧૧ લાખ કિલોમીટર દોડી ચુકી છે અને તેને એક પણ એક્સિડન્ટ થયો નથી. અમેરિકાના નાના શહેરોમાં પણ દોડી શકે એવી કાર ૨૦૧૭ સુધીમાં બજારમાં મુકવાનો કંપનીનો ઈરાદો છે.

સોનાક્ષીસિંહા ફેસબુકમાં નંબર વન

બોલીવુડની દબંગ ગર્લ સોનાક્ષી સિંહાએ ફેસબુક પર તમામ હરીફોને પાછળ રાખી દીધા છે. ફેસબુક પર તેના પ્રશંસકોની સંખ્યા એક કરોડને વટાવી ગઈ છે. છેલ્લા ૩-૪ વર્ષોમાં તેના પ્રશંસકોની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે.

ગાંધીનગરના વીજદરમાં ૪૪ પૈસાનો વધારો

મોંઘવારીનો બેવડો માર : ભાવ વધારો ૧લીમેથી અમલી બનશે : અમદાવાદ ગાંધીનગર અને સુરતના વીજ ગ્રાહકો પર ૪૫૦ કરોડનો બોજ

ગાંધીનગર, તા.૫

ટોરેન્ટ પાવર ને પ્રતિ યુનિટ ૪૪ પૈસાનો ભાવ વધારો કરવાની મંજૂરી ગુજરાત વીજ નિયમન પંચે આજે આપેલા તેના એક ચુકાદામાં આપી છે. આ ભાવ વધારો ૧ લી મેથી અમલી બનશે. ગાંધીનગર-અમદાવાદ અને સુરતના ગ્રાહકોને આ ભાવવધારાની સીધી અસર થશે.

ટોરેન્ટ પાવરને અપાયેલી મંજુરી પ્રમાણે મહિને પ્રથમ ૫૦ યુનિટ સુધી કોઈ ભાવ વધારો અમલી થશે નહિ. ખેડૂતો અને બી.પી.એલ. પરિવારોને પણ આ ભાવ વધારામાં મુકિત આપવામાં આવી છે.

ટોરેન્ટ પાવર દ્વારા ૪૪ પૈસાનો ભાવ વધારો કરવાની મંજૂરી મળતાં જ મધ્યમવર્ગીય પરિવારોનું આર્થિક બજેટ કથળી જવા પામ્યું છે. તેમજ સપ્તાહના ત્રણ જ દિવસમાં દૂધ બાદ વીજળીનો ભાવ વધારો અમલી બનતાં લોકો હવે ચિંતાતુર બની ચુકયા છે કે મોંઘવારીથી મુકિત મળશે કે નહિ.

ગાંધીનગર અમદાવાદ અને સુરતના ૪૦ લાખથી પણ વધુ ગ્રાહકોને આ ભાવ વધારાની સીધી અસર થશે.

એક તરફ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે જેને પગલે વીજ પુરવઠાની માંગમાં પણ વધારો થયો છે. આ ભાવ વધારો આવતાં જ તેની સીધી અસર મધ્યમવર્ગના પરિવારોને સૌથી વધુ થશે.

ટોરેન્ટ પાવરે આ ભાવ વધારો કરવો અનિવાર્ય હોવાની રજુઆત વીજ નિયમન પંચ સમક્ષ કરી હતી. આ ભાવ વધારાથી રૂ. ૪૫૦ કરોડનો બોજો પ્રથમ તબક્કે મધ્યમવર્ગ પર આવશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

અથાણાની મોસમ - ગુજરાતીની થાળીમાં ચટાકેદાર અથાણું જોઈએ જ... આજકાલ અથાણા માટેની કેરી બજારમાં દેખાવા લાગી છે... ગુજરાતની ગૃહિણીઓ બસ એક જ અઠવાડિયામાં અથાણા માટે ખરીદી કરી લેશે અને ગળ્યુ અથાણું, તીખું અથાણું, ખાટું અથાણું, છુંદો, મુરબ્બો, ડુંગળી અથાણું, ગુંદાનું અથાણા જેવા વૈવિધ્ય સ્વાદસભર અથાણાની મોસમ આવી પહોંચી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર મનપાના કમિશ્નરપદે ગિરીશ શાહ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર શ્રી હિંગરાજીયા રજા પર જતાં તેમની જગ્યાનો વધારાનો ચાર્જ મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના શ્રી ગિરીશભાઈ શાહને સોંપવામાં આવ્યો છે.

શ્રી હિંગરાજીયા દસ દિવસની રજા પર ગયા છે. તેઓ આ માસના અંતે નિવૃત્ત પણ થઈ રહ્યા છે.

શ્રી શાહે તેમના નવા હોદ્દાનો આજે ચાર્જ સંભાળ્યો છે. જો કે તેમની આ નિમણુંક નિયમિત નિમણુંક નથી પરંતુ કાર્યકારી નિયુક્તી કરવામાં આવી છે. ગાંધીનગર મહાનગર પાલિકામાં અત્યાર સુધીમાં ત્રણ કમિશનરો બદલાઈ ચુક્યા છે.

(તસવીર : દિપક જાની)

વેકેશનની મોજ - ગાંધીનગરનું સદ્દભાગ્ય છે કે ખુલ્લા મેદાનો હજુ બચ્યા છે... વેકેશન પડતાની સાથે જ કિશોરો અને બાળકો ક્રિકેટના બોલ-બેટ લઈ વહેલી સવારથી જ મેદાનમાં પહોંચી જાય છે... ગાંધીનગરના જાણીતા ક્રિકેટ મેદાન તરીકે ઓળખાતા મેદાનો ક્રિકેટ પ્રેમી કિશોરોથી છલકાયા છે... અને આ જ ગાંધીનગરની મોજ અને આ જ ગાંધીનગરની મજા છે...

શહેરમાં કાળઝાળ ગરમી : પારો ૪૧ ડિગ્રી

સતત પડી રહેલો આકરો તાપ અસહ્ય બની રહ્યો છે : જનજીવન પર આકરી ગરમી-તાપની ઘેરી અસર

ગાંધીનગર, તા. ૫

બળબળતા ઉનાળાનો અનુભવ ગાંધીનગરાઓ હાલમાં કરી રહ્યા છે. છેલ્લા ઘણા દિવસોથી આકાશમાંથી જાણે અગનગોળા વરસતા હોય તેવી આકરી અને અકળાવનારી ગરમીથી વસાહતીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. સોમવારે મહત્તમ તાપમાન ૪૧.૦ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૫ ડિ.સે. રહ્યુ હતુ.

પાટનગર ગાંધીનગર સહીત રાજ્યના કેટલાક શેહોરમાં ગરમીનો પારો ઉંચો જતાં ભારે ઉકળાટ સાથે કાળઝાળ ગરમી પડી રહી છે. સવારથી જ અગનગોળા જેવી ગરમી શરૂ થવા પામી છે. ભારે ગરમી અને તાપને કારણે શહેરના રાજમાર્ગો બપોરના સમયે સુમસામ ભાસવા લાગ્યા છે.

ગરમીથી બચવા લોકો ઘરમાં એ.સી. એરકુલર, ખસટટ્ટી જેવા સાધનોનો સહારો લઈને ગરમીથી બચવાના પ્રયાસ કરી રહ્યા છે. કાળઝાળ ગરમીના કારણે લોકો કચેરીઓમાંથી રીશેષમાં પણ બહાર નીકળતા ન હોય ચા ની કીટલીઓ પણ ખાલી ખમ પડી છે. કેન્ટીનોમાં પણ લોકોની પાંખી હાજરીઓ જોવા મળી રહી છે.

રાજ્યના હવામાનમાં આવેલા પલટાને કારણે ભારે ઉકળાટ સાથે ગરમીનો પારો ઉંચો જતાં કાળઝાળ ગરમી પડતા શહેરીજનો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે. ગરમીથી બચવા લોકો છાશ અને ઠંડા પીણાનો વધુ ઉપયોગ કરતાં બજારમાં દહી છાશની માંગ વધતા છાશનુ વેચાણ વધવા પામ્યું છે.

માર્ગો પરથી પસાર થતાં લોકોને ગરમીમાં તરસ છીપાવવા માટે ઠંડુ પાણી પીવા મળે તે માટે માર્ગો પર ઠેર ઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠંડા પાણીના જગો મુકીને પરબો શરૂ કરવામાં આવી છે.

રાજ્યમાં એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે બીજી બાજુ કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ થતાં ખેડૂતોમાં ચિંતા ઉઠવા પામી છે.

જિલ્લામાં ત્રણ ગ્રામ પંચાયતોની ૧૫મી જુને ચૂંટણી

આ ઉપરાંત ૨૯ વોર્ડની પેટા-ચૂંટણી માટે સજ્જ થતુ તંત્ર : વલાદ, વજાપુરા અને કોબા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ માટે ૨૬ મે ના રોજ જાહેરનામુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની ત્રણ ગ્રામ પંચાયતોની સામાન્ય અને ૨૯ વોર્ડની પેટા ચૂંટણીઓ આગામી ૧૫ જુનના રોજ યોજવામાં આવશે.

વજાપુરા, વલાદ અને કોબા ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીઓ તેમજ ૨૯ ગ્રામ પંચાયતોની ખાલી પડેલી વોર્ડ બેઠકોની પેટા-ચૂંટણીઓ માટે ૨૬મી મે ના રોજ ચૂંટણીપંચ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

વજાપુરા અને વલાદ ગ્રામ પંચાયતની મુદત પૂર્ણ થઈ રહી છે જ્યારે કોબા ગ્રામપંચાયતના સભ્યો અને સરપંચે આપેલા સામુહિક રાજીનામા આપતાં મધ્યસત્ર ચૂંટણીઓ આવી પડી છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈ જિલ્લાનો રાજકીય માહોલ વધુ એક વખત માટે ગરમાશે તેમ મનાઈ રહ્યું છે.

૨૬મી મે ના રોજ આ ચૂંટણી અંગે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

પંચાયતોની ચૂંટણીમાં રાજકીય પક્ષો સીધી રીતે જોતરાતા નથી હોતા પરંતુ આડકતરી રીતે તેમનુ સમર્થન હોય છે. આ ચૂંટણીમાં ખર્ચની મર્યાદાનો પણ અમલ કરવામાં આવશે.

લોકસભા ચૂંટણીની મતગણતરી બાદ જિલ્લાનું તંત્ર સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીમાં વ્યસ્ત બનશે.

કોલકાતા નાઈટ રાઈડર્સ પર રાજસ્થાનનો ૧૦ રને વિજય

રાજસ્થાન રોયલ્સના ખેલાડીઓ મોટેરા પર છવાયા : તીવ્ર ગરમીની વચ્ચે રહાણે, નાયર, સેમસન અને વોટસન છવાઈ ગયા : ગંભીર અને ઉથપ્પાની બેટિંગ કામ ન લાગી

અમદાવાદ, તા.૫

અમદાવાદના સરદાર પટેલ મોટેરા સ્ટેડિયમ ખાતે રમાયેલી આઈપીએલની ૨૫મી મેચમાં રાજસ્થાન રોયલ્સે કોલકાતા નાઈટ રાઈડર્સ ઉપર ૧૦ રને રોમાચંક જીત મેળવી હતી. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાન રોયલ્સે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૦ રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી રહાણેએ ૩૦, નાયર ૪૪, સેમસને ૩૭ અને કેપ્ટન વોટસને ૩૧ રન કર્યા હતા. જીતવા માટેના ૧૭૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૦ રન બનાવી શકી હતી. નાઈટ રાઈડર્સ તરફથી રોબીન ઉથપ્પાએ સૌથી વધુ ૬૫ રન બનાવ્યા હતા. ઉથપ્પાએ ૫૨ બોલમાં પાંચ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૬૫ રન ફટકાર્યા હતા. આ ઉપરાંત ગૌત્તમ ગંભીરે ૩૪ બોલમાં છ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૫૪ રન કર્યા હતા પરંતુ બાકીના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા જેના પરિણામ સ્વરુપે કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમની હાર થઈ હતી. અગાઉ કોલાકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન ગૌત્તમ ગંભીરે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. કાળઝાળ ગરમીની સ્થિતિમાં પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને સમ્માનજનક જુમલો ખડક્યો હતો. રાજસ્થાન રોયલ્સના બેટ્સમેનોએ ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન વચ્ચે સારી બેટિંગ કરી હતી અને મેદાન ઉપર ઉપસ્થિત રહેલા ક્રિકેટ ચાહકોને રોમાંચિત કરી દીધા હતા. તમામ ખેલાડીઓ ભારે ઉત્સાહિત દેખાઈ રહ્યા હતા. મેચને લઈને મોટેરા સ્ટેડિયમની આસપાસ પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી અને સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા.

GOOD DESIGN MEANS GOOD BUSINESS

Advertising, Brochures, Cards, Hoarding, Office Stationery, Creative Photography, Ad Films & Corporate Films

WE DESIGN YOUR DESIRE...

PARAM CREATIONS

504, Shalin Complex, Sector-11, Gandhinagar.
Phone : 079-23243644, 99790 12234.